

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*નેપાળમાં ઈન્ટરનેટ સેવાનો નેપાળો દીધો!*
*ને લંકામાં બંદરોમાં પણ ચીને ગોટાળો કીધો!*
*લીધો છે ઉપાડો ચીને દેશની ચારેબાજુથી ઘેરી -*
*વિશ્વ પ્રવાસી એ વિશ્વે રાજનીતિનો ભવાડો કીધો*

હાઈકુ

*ટકે ન એકે*
*ઉદ્‌ઘાટન પ્રસંગે*
*કર્યાં નાટક!*
*(નદી - તળાવો ભર્યાનાં)*

*તૂટે સંબંધ*
*દૂર જાય એટલે*
*ઉપગ્રહનો*
*(વિશ્વ વડાઓના પૂર્વગ્રહો)*

### ચિંતન

**શ્રુત વન્તમુપધાશુધ્ધં મન્ત્રિણં કુર્વીત ।**

**ઉપરોક્ત શ્લોક ચાણક્ય સૂત્રમાંથી લેવામાં આવેલ ચે.**

**જેને તર્કશાસ્ત્ર, રાજનીતિ મંત્રણાનું જ્ઞાન હોય અને જે ગુપ્તરુપે લેવાયેલી પરીક્ષાઓમાંથી પાર ઉતરેલ હોય તેવી વ્યક્તિને જ મંત્રી બનાવવા જોઈએ.**

**તર્કશાસ્ત્ર, રાજનીતિ, મંત્રણા આદિમાં પારંગત હોય એવી વ્યક્તિને મંત્રીપદે નિયુક્ત કરાતા પહેલાં એની જુદી જુદી રીતે કસોટી કરવી જોઈએ. પ્રલોભનાદિ કસોટીમાંથી એ વ્યક્તિ જો હેમખેમ પાર ઊતરે તો જ એને મંત્રીનું જવાબદાર પદ સોંપવું જોઈએ. મતલબ કે એની નિપુર્ણતાની સાથે સાથે તે ઉત્તમ ચારિત્ર્યનો પણ હોવો જોઈએ.**

**આજકાલ તો અભણ - નિરક્ષર જેવા લોકો જ્ઞાતિ-સમાજને નામે દબાણ લાવી કે પોતાનું રાજકીય મહત્ત્વ આગળ કરી 'પ્રધાનપદ' પર પહોંચી જાય છે. વાસ્તવમાં એ નામના જ હોય છે તેમના સચિવો અને અંગત મદદનીશ લોકો જ સત્તા સંભાળતા હોય છે. એમને તો 'ટકા' થી જ કામ !!**

### સુવિચાર

- જીવનમાં આવી પડતાં દુઃખનું કારણ બીજા ને ન આપો, આત્મચિંતન કરશો તો દુઃખમાંથી બહાર આવવાનો માર્ગ મળશે - **બોધિવૃક્ષ**
- ઉપાસના કરવા માટે સંયમની જરૂર છે, સૌપ્રથમ વાણી ઉપર તેનો પ્રભઆવ પડવો જોઈએ, કટુવચનનો ત્યાગ કરો - **એસ. ભટ્ટાચાર્ય**
- નિત્ય - અનિત્યનો વિવેક નો હોવો એ માયા છે અને વિવેકની પ્રાપ્તિ સત્સંગ દ્વારા થશે - **મોરારિ બાપુ**
- જેના સંપૂર્ણ કાર્ય કામના અને સંકલ્પ રહિત છે, એવા જ્ઞાનરૂપી અગ્નિ દ્વારા ભસ્મ થયેલા કર્મોવાળા પુરુષને જ્ઞાની જનો પંડિત કહે છે - **ઉપનિષદ**
- હું પ્રભુનો પ્રભુ છે મમ રક્ષક, એહ ભરોસો જાય નહીં,જે કરશે પ્રભુ તે મુજ હિતનું, એ નિશ્ચય બદલાય નહીં - **ધર્મલોક**
- મેરી હેસિયત સે જયાદા તુને મેરી થાલી મેં પરોસા હૈ, તું લાખ મુશ્કિલે ભી દે દે માલિક, મુઝે તુજપે ભરોસા હૈ - **આહમદ શેખ**
- આજનું ઔષધ : મેથીના દાણા વાટીને નવશેકા પાણીમાં એની પોટીસ બનાવી ખીલ પર લગાડવાની ખીલ મટે છે.

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

નોશીરવાન ને કોઈને સલાહ આપી. 'ખોદાયજી ને બંદગી કરો તો તમને લોટરી લગાડે, પંદર વીસ લાખ હાથમાં આવશે તો તમારું ભલું થશે અને ગરીબાઈમાંથી છૂટકારો થશે.'

નોશીરવાને આતશ પાદશાહ પાસે જઈ પ્રાર્થના કરી. 'મને લોટરી લગાડો... જો લોટરી લાગશે તો હું પાંચ કિલો સુખડની માચી ચડાવીશ.' રોજ આતશ પાદશાહને પ્રાર્થના કરે. પાંચેક વર્ષ આમને આમ વિત્યા. આખરે આતશ પાદશાહ રાજી થયા.

નોશીરવાન ને સપનામાં આવી કહ્યું, 'નોશીર, તારી શ્રદ્ધા અને ભક્તિથી હું ખૂબ ખુશ છઉં, પણ લોટરી લગાડી શકતો નથી.'

નોશીરવાને પૂછ્યું, 'પાદશાહ સાહેબ, પણ તમે મારી લોટરી કેમ લગાડી શકતા નથી ? પંદર-વીસ લાખ મળશે તો મારું દળદર ફીટી જાય અને તમને પાંચ કિલો સુખડની માચી બી ચડાવાય, મને લોટરી લગાડો સાહેબ.'

આતશ પાદશાહે કહ્યું, 'પણ નોશીરવાન, પહેલા લોટરીની ટીકીટ તો ખરીદ !!'

# મધ્યપ્રદેશમાં સત્તા માટે હવાતિયાં

મધ્યપ્રદેશમાં સત્તાની હેટ્રિક મારનારા મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણ આગામી વિધાનસભાની ચૂંટણી જીતવા માટે અવનવા કારસા કરી રહ્યા છે. કયારેક ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની લગોલગ લોકપ્રિયતાના વિક્રમો સ્થાપી ચૂકેલા શિવરાજસિંહ ચૌહાણ છેલ્લાં વર્ષો દરમિયાન રાજયમાં થયેલા 'વ્યાયમ' જેવા વ્યાપક ગોટાળા પછી રક્ષણાત્મક મોડમાં આવી ગયા છે. એક સમય હતો જયારે પાર્ટીના સર્વોચ્ચ નેતા લાલકૃષ્ણ અડવાણી એમના આ લાડકા અનુયાયીને મોદી કરતાં અદકેરાં લાડ લડાવતા હતા. છેલ્લી લોકસભાની ચૂંટણી પણ તેઓ ભોપાલની સલામત બેઠક પરથી લડવા ઈચ્છુક હતા. વડાપ્રધાન પદના ઉમેદવાર જાહેર થયેલા નરેન્દ્ર મોદી અને એમના કાર્યકર્તાઓ એમને કદાચ ગાંધીનગરની પરંપરાગત બેઠક પર હેમખેમ નીકળવા દેશે કે કેમ તે વિશે એમને શંકા હતી. જયારે શિવરાજ પર એમને ઊંડો ભરોસો હતો બલકે જરૂર પડ્યે તેઓ શિવરાજસિંહને હિંદી બેલ્ટના સક્ષમ અને લોકપ્રિય ક્ષત્રિય નેતા તરીકે ઊપસાવવા કૃતસંકલ્પ હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ધરાર એમની ઈચ્છા વિરુદ્ધ એમને ગાંધીનગરની બેઠક પરથી ચૂંટણી લડવા મજબૂર કર્યા હતા.

**તંત્રીસ્થાનેથી...**

શિવરાજસિંહે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની શરણાગતી સ્વીકારવામાં જ શાણપણ જોયું હતું અને પોતે વડાપ્રધાન પદની રેસમાં નહીં હોવાનું નિવેદન કર્યું હતું. તેમ છતાં વડાપ્રધાન મોદીએ એમને કદ મુજબ વેતરી નાખવાના પ્રયાસો તો કર્યા જ. છેલ્લે ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલને મધ્યપ્રદેશનાં રાજયપાલ પદે મોકલી દઈ શિવરાજ ચૌહાણ પર વડાપ્રધાને નિયંત્રણ લાદ્યું છે, એક તરફ વ્યાપમ ગોટાળામાં અનેક શંકાસ્પદ મૃત્યુ, બીજી તરફ કોંગ્રેસ તરફ ઢળતા લોકમતના પેટા ચૂંટણીઓનાં મળતા અણસાર અને વ્યાપક પ્રમાણમાં પ્રવર્તી રહેલ ઍન્ટિ ઈન્કમ્બન્સી ફૅકટરનો અસંતોષ. એવામાં નર્મદા સંરક્ષણમાં થયેલા કરોડોનાં કૌભાંડો વિરુદ્ધ ખુદ એ સમિતિના સભ્ય તરીકે નીમેલા પાંચ સંતો-મહંતો દ્વારા અવારનવાર કરાતાં રહેલાં નિવેદનો અને સરકારનાં કૌભાંડો ખુલ્લાં પડવા રથયાત્રા કાઢવાની ધમકીથી ડરી ગયેલા મુખ્યમંત્રીએ આ સંતોને રાજયકક્ષાના મંત્રીનો દરજ્જો આપી રાજી કરી દેવાનું પગલું ભરીને વિપક્ષ તેમજ પ્રજાને વધુ એક મુદ્દો આપી દીધો છે. સાતુ સંતોને સરકાર દ્વારા મંત્રીપદ સમકક્ષ સુવિધાઓ આપી તેમને હિંદુત્વનું જ કાર્ડ ખેલવા કોશિસ કરી છે પરંતુ આ રાજરમત એમની સામે બૂમરેંગ નહીં થાય એની કોઈ જ ખાતરી નથી. પ્રજા સાવ ગાંડી નથી હોતી. ચૂંટણી જીતવા માટે ધર્મ અને ધર્માધ્યક્ષોનો ઉપયોગ કરવાની ભારતીય જનતા પાર્ટીને ફાવટ છે, પરંતુ દર વખતે એ વ્યૂહરચના સાનુકૂળ પરિણામો જ આપશે એવું કહી શકાય નહીં. ઊલટાનો પ્રજાનો ભ્રમ ભાંગી જવાની જ વિશેષ સંભાવના રહે છે અને જે સાધુ મહાત્માઓએ આ સરકારી સવલતો સ્વીકારી રાજીપો અનુભવ્યો છે એમના વિશેનો અહોભાવ પણ આપોઆપ ઓસરી જાય એવી શક્યતા છે. સત્તા સરકી રહી છે ત્યારે શિવરાજસિંહ ચૌહાણે હુકમના એક્કા જેવું હિંદુત્વનું કાર્ડ રમીને ખુદ પાર્ટીને ટીકાપાત્ર બનાવી છે. આથી ઉત્તરપ્રદેશમાં આદિત્યનાથ યોગીને મુખ્યમંત્રી બનાવવાની ચાલ અવળી પડી એમ મધ્યપ્રદેશમાં જ નહીં બલકે સમસ્ત દેશમાં ૨૦૧૯ની લોકસભાના પરિણામો પર વિપરીત અસર સરજાઈ શકે છે.

# 'ઓખાહરણ'માં પ્રેરણાદાયી સુવિચારો



## અમર વારસો

ડૉ. રશ્મિકાન્ત મહેતા

મહાકવિ પ્રેમાનંદની રચના 'ઓખાહરણ' માં ૯૩ કડવા (પદ્યખંડો) છે. એની પંક્તિઓમાં સુભાષિતોનાં જે પ્રેરણાદાયી સુવિચારો હોય છે. એમાનાં કેટલાક અહીં આપ્યા છે.

(૧) મારી વાત સુણો શૂણપાણી રે;
દૂધ પાઈ ને ઉછેરીએ સાપ રે,
આગળ ઉપજાવે સંતાપ રે. (૩)
(૨) સેવા કરી ચઢાવે જળ રે,
તેની કાયા કરું નિરમળ રે;
જે કોઈ ચઢાવે બિલિપત્ર રે.
તેને ધરાવું સોનાનું છત્ર રે (૩)
(૩) વાડી વિના ઝૂરે વેલડી, વાછરું વિના ઝૂરે ગાય;
બાંધવ વિના ઝૂરે બેનડી, પુત્ર વિના ઝૂરે માય (૮)
(૪) ચૈત્રના મિનારકમાં, બાઈ તાહરો રે મહિમાય,
ઓખાહરણ જે સાંભળે, મહારોગ થકી મૂકાય.
ચૈત્ર માસના ત્રીસ દહાડા, અન્ન અલુણું ખાય,
ત્રણ દિવસ ન થાય તો, કરવો દિવસ એક (૧૧)
(૫) ત્રીજો ચંડાળ તેને કહીએ, દુભે માત પિતાય
ચોથો ચંડાળ તેને કહીએ, હરે પારકું ધન
આઠમો ચંડાળ તેને કહીએ, પરદાસ શું મન,
આવા તો રાજા દસ છે, કરમ ચંડાળ (૧૩)
(૬) મણિધર, નારી ને ઋષિકુળ, નદી નૃપ ને કમલા;
એટલો અંત ન લીજીએ, જો ઈચ્છીએ કુશળક્ષેમ (૪)
(૭) સ્વપ્નું સાચું ન હોય સહિયર સ્વપ્નું સાચું ન હોય,
એક મૂરખ હતો, તે સ્વપ્નાંતરમાં ભણિયો વેદપુરાણ.
જાગી ને ભણવા જાય ત્યારે, મુખે ન આવડે પાષાણ (૩૫)
(૮) સોરઠ દેશ સોહામણો, ન ચઢ્યો ગઢ ગિરનાર;
ન ન્હાયો ગંગા ગોમતી, તેનો એળે ગયો અવતાર.
સોરઠ સુઘડ માનવી, રોજ નિત નિત કહે વહેવાર;
એ નગર રહે માનવી, તેને ઘણા ઘણા જુહાર (૩૭)
(૯) સહિયર ને સહિયર છે વહાલી,
મેં જમણા હાથે ઝાલી;
આપણે બેઉ જણ સંગાથી.
તું પ્રાણદાતા છે વિધાત્રી (૪૧)
(૧૦) પૂર્વે મેં તને પ્રિછવ્યો, અહંકારે થયો તું અંધ;
અહંકારે લંકા ગઈ, રામે રે માર્યો દશસ્કંધ.
એવા અહંકાર હું અનેક કહું, સાંભળને ભૂપાળ;
વાંક કોઈનો કાઢીએ નહીં, પણ ફૂટ્યું, તારું કપાળ.
અહંકાર કોઈનો છાજ્યો નહિ, ગર્વ ન કીજે રાય;
ગર્વ કોઈનો રહ્યો નહિ, તમે વિચારો મનમાં ય (૫૭)
(૧૧) છોરું પોતાના જાણી, કીજે દયાળ, ન દીજે છેહજી.
બાળક ઉપર હાથ શો કરવો, જદાપિ હોય અન્યાય જી
નીચું નાક ન હોય એથી, નિરર્થક શો સંગ્રામજી.
મોટા સાથે વિરોધ ન કરીએ, નહિ નિર્બળ હળધર શામ. (૬૭)
(૧૨) પહેલે મંગળ સોનાનાં દાન અપાય, શોભા ઘણેરી રે.
બીજે મંગળ ધેનુ ના દાન અપાય, શોભા ઘણેરી રે.
ચોથા મંગલે કન્યાનાં દાન અપાય, શોભા ઘણેરી રે. (૮૫)
(૧૩) સારસિયાના સાથમાં, હું ડાહી થાજે, દીકરી;
હું તુજને શિખામણ દઉં, તે રખે જાતી વિસરી.
સાસરિયાના સાથમાં હળવે હળવે ચાલિયે;
સાસરિયાના સાથમાં, ખોળે ખાવું ન ઘાલિયે
સાસરિયાના સાથમાં, કંથ સારું માલિયે
સાસરિયાના સાથમાં, પરપુરુષથી હસી તાળી નવ લીજીએ. (૯૦)

'ઓખાહરણ'ની કથા તો રસપ્રદ ખરી જ, આ પ્રકારની સુભાષિતોનાં જેવી પંક્તિઓ પણ પ્રેરણાદાયક છે.

# જાણીતું યાત્રાધામ ઉદવાડા કઈ નદીના કિનારે આવેલ છે ?



## ખજાનો

અનિલ પટેલ

### ગુજરાતની ભૂગોળ

૧ થરપારકર ઓલાદની ગાયોનો ઉછેર કયા જિલ્લામાં થાય છે ?
(અ) બનાસકાંઠા (બ) કચ્છ
(ક) જૂનાગઢ (ડ) અમરેલી

૨ મેન્ગ્રુવના જંગલો કયાં જોવા મળે છે ?
(અ) રણમાં (બ) પહાડી વિસ્તારમાં
(ક)મેદાની પ્રદેશોમાં (ડ) દરિયા - કિનારાના વિસ્તારોમાં

૩ ભરૂચ જિલ્લાના ઝઘડિયા તાલુકામાં સૌથી વધુ કયું ખનીજ મળી આવે છે ?
(અ) અકીક (બ) ગ્રેનાઈટ
(ક) સ્લેટ (ડ) ચુનો

૪ દરિયાની સપાટી કરતાં નીચે આવેલી સૌરાષ્ટ્રની જમીન વિસ્તાર કયા નામે ઓળખાય છે ?
(અ) મરુ ભૂમિ (બ) લીલા નાઘેર
(ક) ઘેડ પ્રેદશ (ડ) ભાલ પ્રદેશ

૫ 'સોમા' સંસ્થા શાની સાથે સંકળાયેલ છે ?
(અ) ડેરી સંગઠન (બ) કૃષિ સંગઠન
(ક) વેપારી સંગઠન (ડ) સૌરાષ્ટ્ર, ઓઈલ મીલ સંગઠન

૬ ભારતનું પ્રથમ પ્રાઈવેટ પોર્ટ તરીકે કયું બંદર ઓળખાય છે?
(અ) દહેજ (બ) કંડલા
(ક) પીપાવાવ (ડ) અલંગ

૭ જાણીતું યાત્રાધામ ઉદવાડા કઈ નદીના કિનારે આવેલ છે ?
(અ) ઓરસંગ (બ) દક્ષિણા ગંગા
(ક) સરસ્વતી (ડ) કોલક

૮ ધનસુરિયા ટાપુ કઈ નદીના મૂળ પ્રદેશમાં આવેલ છે ?
(અ) સાબરમતી (બ) તાપી
(ક) મહિસાગર (ડ) નર્મદા

૯ તાનારીરીની સમાધિ કયાં આવેલી છે ?
(અ) વડનગર (બ) પાટણ
(ક) સિદ્ધપુર (ડ) મોઢેરા

૧૦ દક્ષિણ ગુજરાતનું કયું બંદર ગેટ વે ઑફ પોર્ટ તરીકે ઓળખાય છે ?
(અ) ડુમ્મસ (બ) હજીરા
(ક) ખંભાત (ડ) દહેજ

૧૧ ગુજરાતનો સૌથી મોટો લક્ષ્મી વિલાસ પેલેસ કયાં આવેલો છે?
(અ) મહેસાણા (બ) ચોરવાડ
(ક) વડોદરા (ડ) ભાવનગર

૧૨ થોળ પક્ષી અભ્યારણ્ય કયા જિલ્લામાં આવેલ છે ?
(અ) અમદાવાદ (બ) સુરેન્દ્રનગર
(ક) મહેસાણા (ડ) કચ્છ

૧૩ સૌરાષ્ટ્રની કઈ મોટી નદી અંતઃસ્થ નદી ગણાય છે ?
(અ) ભાદર (બ) મચ્છુ
(ક) ફોકળ (ડ) અમરાવતી

૧૪ ગુજરાતનું કયું સ્થળ શ્વેતક્રાંતિના મુખ્ય મથક તરીકે ઓળખાય છે ?
(અ) મહેસાણા (બ) હિંમતનગર
(ક) ખેડા (ડ) આણંદ

૧૫ વિકરોરીયા નામનું શહેરીવન કયાં આવેલ છે ?
(અ) ભાવનગર (બ) રાજકોટ
(ક) જૂનાગઢ (ડ) જામનગર

### વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા મહાનુભાવોના જન્મ દિવસ**

- **૭ એપ્રિલ ૧૯૫૪ : જેકી ચેન :** દુનિયાનો સૌથી લોકપ્રિય માર્શલ આર્ટ એકટર. હોંગકોંગમાં જન્મ. ચાઈનીજ સિવિલ વોર પીડિત માબાપની આર્થિક સ્થિતિ સારી ન હતી. અભ્યાસ બરાબર કરી શક્યા નહી. પિતાએ માર્શલ આર્ટનું શિક્ષણ અપાવ્યું.
- **૮ એપ્રિલ ૧૮૮૭ : રામનારાયણ પાઠક :** ધોળકા પાસેના ગાણોલ ગામનાં જન્મ. જાણીતા સાહિત્યકાર. 'શેખ', 'દ્વિરેફ' અને 'સ્વૈરવિહારી' જેવા ઉપનામધારી પ્રમુખવિદ્યાપુરુષ. મેટ્રીક કરી એલ.એલ.બી. થયા. વકીલાત કરવા લાગ્યા. સાહિત્ય તરફના આકર્ષણે શિક્ષણમાં કારકિર્દી બનાવી. અનેક સાહિત્ય સર્જન કરી સન્માનો અને પારિતોષિકો મેળવ્યા. ૧૯૫૫માં અવસાન પામ્યા.
- **૮ એપ્રિલ ૧૯૧૫ : યશવંત શુક્લ :** નિબંધકાર, વિવેચક, કેળવણીકાર, ચિંતક અને પત્રકાર એવા સર્જકનો જન્મ ઉમરેઠ ગામમાં જન્મ થયો હતો. મુંબઈ અને અમદાવાદમાં ગુજરાતીના અધ્યાપક તરીકે સેવા આપી. એચ.કે. આટ્ર્સ કૉલેજના આચાર્ય પદે સેવ નિવૃત્ત થયા. 'કેન્દ્ર અને પરિઘ' તેમનો ચિંતનાત્મક નિબંધ સંગ્રહ છે. નર્મદ ચંદ્રક, રમજિતરામ, સુવર્ણચંદ્રક જેવા પારિતોષિક મેળવનાર આ મહાપુરુષનું ૧૯૯૯માં અવસાન થયું.
- **૯ એપ્રિલ ૧૯૪૮ : જયા ભાદુરી બચ્ચન :** બોલીવુડમાં ગુડ્ડી તરીકે જાણીતા અને અમિતાભ બચ્ચનના ધર્મપત્ની. જબલપુરમાં તેમનો જન્મ થયો. સત્યજિત રે ની 'મહાનગર' ફિલ્મથી કારકિર્દી શરુ કરી. પુત્ર અભિષેક બચ્ચન. હાલ રાજયસભાના સભ્ય તરીકે સેવા આપી રહ્યા છે.
- **૧૦ એપ્રિલ ૧૬૨૭ : છત્રપતિ શિવાજી મહારાજ :** મોગલ સામ્રાજય સાથે સંઘર્ષ કરનાર હિંદુ રાજા. પુના પાસેના શિવનેરી કિલ્લામાં જન્મ થયો હતો. બચપણમાં ઘોડેસવારી, ભાલાફેંક, પર્વતારોહણ, મલ્લયુદ્ધ, તલવાર ચલાવવાનું કૌશલ્ય શીખી લીધું હતું અનેક કિલ્લાઓ જીતી લીધા. અને ઔરંગઝેબની ઊંઘ હરામ કરી દીધી હતી.૧૬૮૦માં અવસાન પામ્યા.
- **૧૧ એપ્રિલ ૧૮૯૯ : પર્સી જુલિયાન :** અમેરિકાના મોન્ટેગોમરી અલાબામા ખાતે જન્મ થયો હતો. ૧૯૧૬માં સ્નાતક થયા. સંશ્લેષિત ફાયોસ્ટીગમીન અને સ્ટીસેલ્સ રસાયણોના પ્રણેતા કેન્સરની બિમારીથી ૧૯૭૫માં અવસાન થયું.
- **૧૨ એપ્રિલ ૧૯૧૭ : વિનુ માંકડ :** વિશ્વ વિખ્યાત ક્રિકેટ ઓલરાઉન્ડર જામનગર ખાતે જન્મ. ટેસ્ટમાં બે હજાર રન અને ૧૦૦ વિકેટ્સની સિદ્ધિ મેળવી. ૧૯૫૨માં ઈંગ્લેન્ડ ખાતેના ઓવલ મેચ દરમિયાન શાનદાર બોલીંગ અને બેટીંગ કરી. ૧૯૭૮માં મુંબઈ ખાતે અવસાન થયું.

### ગત સપ્તાહના સવાલનો જવાબ

**હાલના કર્ણાટક સરકારના મુખ્યમંત્રી કોણ છે ?**

**જવાબ : સિદ્ધારમૈયાહ**

### સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) ઋજિત એમ. રાવલ : સે-૭ડી, ૧૨૨૨/૨
(૨) નટુભાઈ દરજી : પેથાપુર
(૩) જયેન્દ્રપ્રસાદ પાઠક - સે-૬
(૪) મૂળજીભાઈ પરમાર 'દધિ' : સે-૭બી
(૫) હાર્દિક એન. ભટ્ટ : સે-૨૪
(૬) મહેશકુમાર જાદવ : ગુજરાત વિદ્યાપીઠ

### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**ગુજરાતના પ્રભારી તરીકે તાજેતરમાં કોંગ્રેસ દ્વારા કયા નેતાને જવાબદારી સોંપાઈ?**

**'ગાંધીનગર સમાચાર'-**
**ખજાનો વિભાગ**
**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

# સફળ થઈ જવાથી તું સુખી થઈ જઈશ?



## રંગ-ઉમંગ

કાનન ઓઝા

તમને એવી ચોઈસ આપવામાં આવે કે તમારે સફળ થવું છે કે સુખી. તમે શું પસંદ કરો ? સફળતા માટે માણસે સુખનું કેટલું બલિદાન આપવું જોઈએ ? દરેક માણસને સફળ થવું છે. સફળ થવાની ઈચ્છા વ્યાજબી પણ છે અને જરૂરી પણ છે. બધાને એક આગવી ઓળખ જોઈએ છે. બધાને જાણીતા બની જવું છે. સેલિબ્રીટી સ્ટેટસ્ માટે માણસ કંઈ પણ કરે છે. મારા વિશે બધાને બધી ખબર હોવી જોઈએ. બહાર નીકળીએ અને લોકો ઘેરી વળે. સોશિયલ સાઈટ્સ પર સ્ટેટ્સ અપલોક કરીએ તો ફટાફટ લાઈક મળે. બધાને પોપ્યુલર થવું છે. કયારેક એવો વિચાર કર્યો છે કે આખું ગામ તમને ઓળખતું હોય અને ઘરે રાહ જોવાવાળું કોઈ ન હોય તો ?

દુનિયામાં જેટલા માણસો સફળ છે એને જઈને પૂછો તો કદાચ કહેશે કે સફળતા કરતાં સુખ મહત્ત્વનું છું. હા સફળતા સુખ આપે છે. પણ એ સુખ પરમેનન્ટ હોતું નથી. કોઈ એવોર્ડ મળે તો એની અસર એક-બે અઠવાડિયામાં ખતમ થઈ જાય છે. સુખ અને સુખની અનુભૂતિમાં ફર્ક છે.

એક માણસની વાત છે. એની દીકરી એ એકઝામમાં ટોપ કર્યું છે. દીકરી એવોર્ડ લેવા ગઈ ત્યારે તેણે કહ્યું કે કેવું છે, સફલતા દીકરીને મળી છે અને સુખનો અહેસાસ મને થાય છે! સ્નેહ જેવું સુખ કોઈ ન આપી શકે ! સફળતા મેળવનાર દીકરીને સફલતાનો મતલબ પૂછ્યો તો એણે એવું કહ્યું કે મારા ડેડીના ચહેરા ઉપરની ખુશી મારા માટે આ એવોર્ડથી અનેકગણી મહત્ત્વની છે. જયારે ડેડી એમ કહે કે પ્રાઉડ ઓફ યુ ત્યારે સફળતાનો નહીં પણ સુખનો સાચો મતલબ સમજાય છે. સફળ થઈને ત્યારે બધા તાળીઓ પાડતાં હોય છે પણ એકાદ બે વ્યક્તિ એવી હોય છે જેની આંખો ભીની થઈ હોય છે! માણસની નજર તાળીઓ પર નહીં પણ આ ભીની આંખો તરફ જ સૌથી પહેલી જાય છે. તમે સફળ થાવ એ જોઈને કોઈની આંખો ભીંની થાય છે ખરી ? એવી આંખો ન હોય ત્યારે એવું લાગે છે કે આ સફળતાનો કોઈ મતલબ નથી?

સરકસનો સિંહ સફળ ગણાય છે કે જંગલનો ? એક વખત સરકસનાં સિંહે કહ્યું કે હું જયારે ખેલ કરું છું ત્યારે લોકો તાળીઓ પાડે છે. મારે શિકાર પણ કરવો પડતો નથી. ભોજન મને તૈયાર મળે છે. તારે તો કેટલું દોડવું પડે છે. શિકાર માટે જંગલનાં સિંહે કહ્યું કે તારી વાત સાચી છે. પણ મારે પાંજરામાં પુરાઈ રહેવું પડતું નથી. રિંગ માસ્ટર હંટર લઈને મારા ઉપર ઊભો રહેતો નથી. તું કદાચ તારી જાતને 'સફળ' માનતો હોઈશ પણ સુખી તો હું જ છું. એક ગામડામાં બે મિત્રો રહેતા હતા. એક મિત્ર ને ફોરોનમાં જોબ મળી. એ વિદેશ ચાલ્યો ગયો. ચાર વર્ષે પાછો આવ્યો. મિત્રને કહ્યું, કે હા તું સુખ ફીલ કર, કારણ એ ખૂબ મહત્ત્વનું છે. હું તો આ ગામડામાં રહીને રોજ ફેમિલી સાથે સુખ ફીલ કરું છું. સફળ થઈને સુખનો એક ટુકડો તે માંડ ખરીદ્યો છે, મારી પાસે તો આખે આખું સુખ છે !

'હોડ' અને 'દોડ' માં માણસને એ ભાન જ નથી રહેતું કે સુખ કયાં અલોપ થઈ ગયું. માણસને એવું લાગતું હોય છે કે એ સુખ માટે સુખ તરફ દોડી રહ્યો છે, પણ હકીકતે એ ઊંધી દોડ લગાવી સુખથી જ દૂર ભાગી રહ્યો હોય છે. સફળતા ચોક્કસપણે જરૂરી છે. જો કોઈ માણસે સફળ થવાનું વિચાર્યું ન હોત દુનિયા આજે છે એ ન હોત. ઘરમાં બેઠા રહેવું એ જ સુખ નથી. દરેક માણસે સફળ થવાનો પ્રયાસ કરવો જ જોઈએ. વિચાર માત્ર એટલો જ કરવાનો હોય છે. સફળતા માટે હું જ ભોગ આપવા તૈયાર થયો છું. એ વાજબી છે? સફળ થઈ ન મારે શું કરવું છે શું ? શાંતિ જરૂરી છે, સુખ મહત્ત્વનું છે. સફળતા માટે આપણે કેટલું 'કોમ્પ્રોમાઈઝ' કરીએ છીએ. બે મિત્રો હતા. એક સરખા હોશિયાર. આ બધી ભાગદોડ નો કોઈ અર્થ નથી. એ સાધુ થઈ ગયો. જંગલમાં જઈ એક ઝૂંપડી બનાવી પોતાની મસ્તીમાં રહેવા.લાગ્યા. બીજા મિત્રએ ખૂબ જ મહેનત કરી. ઉદ્યોગો સ્થાપ્યા મોટા ઈન્ડસ્ટ્રીયાલિસ્ટમાં એનું નામ હતું. એક દિવસ એ તેના જૂના અને સાધુ બની ગયેલા મિત્રને મળવા જંગલમાં ગયો. સાધુ પ્રેમથી મળ્યો. એ સુખ અને શાંતિની વાતો કરતો હતો. સાધુ મિત્રે કહ્યું કે, ઘણાં ઉદ્યોગપતિઓ મારી પાસે આવે છે, એને ચેન નથી. ઉપાધિઓ જ છે. ટકી રહેવાની ચિંતા છે. સુખ અને શાંતિની શોધમાં મારી પાસે આવે છે. ઉદ્યોગપતિ મિત્રએ કહ્યું જો દોસ્ત, હું તારી પાસે સુખ અને શાંતિની શોધ માટે નથી આવ્યો. હું તો મારા એક મિત્રને મળવા આવ્યો છું. મારે તારી જેમ સાધુ નથી થવું! હું સુખી જ છું. તું અહીં વાતો કરીને બધાને સુખ અને શાંતિ હોવાનું માને છે, પણ મારા ઉદ્યોગમાં હજારો લોકો કામ કરે છે. હજારો ફેલિમીની જવાબદારી મારી છે. એ લોકોને ખુશ જોઉં છું ત્યારે મને સુખ મળે છે. મારું ફેમીલી, મારા સંબંધો અને મારા સુખને પણ મેં સાચવી રાખ્યા છે. સુખ માત્ર દૂર ભાગી જવાથી નથી મળતું. સુખ નજીક આવવાથી મળે છે. હું સફળ થયો છું પણ સફળતા માટે મેં કોઈ સમાધાનો નથી કર્યા. સફળતાની કિંમત ચૂકવવી પડે છે. સફળતા માટે એ કિંમત ચૂકવવી પણ જોઈએ. કેટલી કિંમત ચૂકવવી જોઈએ. સફળતા અને સુખ વચ્ચે 'બેલેન્સ' જાળવતાં આવડવું જોઈએ.

મહાન, ધનિક અને સેલિબ્રીટી બની જશો તો કદાચ લોકો તમને ઓળખશે, પણ તમને તમારા લોકો ઓળખતા હોય એ જરૂરી છે. આપણને જોઈને બધા હાથ હલાવતા હોય એ એકેય હાથ જો આપમા હાથમાં ન હોય તો સમજવું કે સફળતા માટે તમે વધુ પડતી કિંમત ચૂકવી છે.